# બિલ માટે દર્દીઓ હેરાન ના થાય તેવી સિસ્ટમ લાવોઃ હાઇ કોર્ટ

મુંબઇઃ મુંબઇ હાઇ કોર્ટે રાજ્ય સરકારને એવી સિસ્ટમ વિકસાવવા જણાવ્યું છે કે જેને પરિણામે ખાનગી હૉસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને બિલના પેમેન્ટ માટે હાલાકી ના ભોગવવી પડે.

ન્યાયમૂર્તિ એસ. સી. ધર્માધિકારી અને ન્યાયમૂર્તિ ભારતી ડાંગરેની ખંડપીઠે રાજ્ય સરકારને એવી સિસ્ટમ વિકસાવવા જણાવ્યું છે જે હૉસ્પિટલના તેમ જ દર્દીના હિતોની રક્ષા કરે અને દર્દી અથવા તેના પરિવારજનોને હૉસ્પિટલના સત્તાવાળા તરફથી બિલની ચુકવણી નહીં કરવા બદલ ગેરકાયદે પરેશાની ના ભોગવવી પડે. દર્દી જ્યાં સુધી બિલ ના ભરે ત્યાં સુધી એને હૉસ્પિટલમાંથી રજા આપવામાં ના આવે એવી બાબત ચાલુ રાખી શકાય નહીં.

'અમે સમજીએ છીએ કે હૉસ્પિટલવાળા સંપૂર્ણ બિલ માફ કરી શકે નહીં પરંતુ એ વાત પણ સાચી છે કે હૉસ્પિટલવાળા બહુ જ વધુ રકમ ચાર્જ કરે છે. હૉસ્પિટલ તેના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના અને અન્ય સેવાઓના ચાર્જ પણ લગાવે છે. અમે રાજ્ય સરકારને એવી સિસ્ટમ વિકસાવવા જણાવીએ છીએ કે જે હૉસ્પિટલના તેમ જ દર્દીનાં હિતોની રક્ષા કરે,' એમ કોર્ટે જણાવ્યું હતું.

હૉસ્પિટલના વિવાદાસ્પદ બિલને કારણે બે દર્દીને હૉસ્પિટલમાં રોકી રાખવાની ઘટના અંગે કરવામાં આવેલી જનહિતની અરજીની હાઇ કોર્ટમાં સુનાવણી હતી. (પીટીઆઈ) ■

# યુનિ.માં પેપર તપાસઃ ગેરહાજર શિક્ષકો સામે કાર્યવાહીની માગણી

મુંબઇઃ પેપર તપાસવાના કામ પર હાજર નહીં થતા શિક્ષકોના કામનો વધારાનો બોજ સહન કરતા શિક્ષકોએ આવા ગેરહાજર શિક્ષકો સામે પગલાં ભરવા મુંબઇ યુનિવર્સિટીને માગણી કરી છે.

મુંબઇ યુનિવર્સિટીમાં આશરે એક લાખ ઉત્તરવહી તપાસવાની હજી બાકી છે. આશરે ૯૦૦૦ શિક્ષકો પેપર તપાસવાના કામમાં રોકાયેલા છે. આશરે ૨,૦૦૦ શિક્ષકો હજી સુધી પેપર તપાસવાના કામમાં નથી આવ્યા.

'દરેક શિક્ષકને ઉત્તરવહી તપાસવાનું કામ આપવામાં આવે છે. આશરે ૨૦૦૦ જેટલા શિક્ષકો આ કામમાં ગેરહાજર રહ્યા હોવાથી અમારે તેમના કામનો વધારાનો બોજો આવી પડ્યો છે, જેને કારણે પરિણામ જાહેર કરવામાં પણ વિલંબ થાય છે,' એમ યુનિવર્સિટીના એક શિક્ષકે જણાવ્યું હતું. બેચલર ઑફ માસ મીડિયા વિભાગના શિક્ષકોની સોમવારે યુનિવર્સિટી ખાતે બેઠક યોજાઇ હતી અને તેમાં પેપર તપાસવાના કામ પર હાજર નહીં થતાં શિક્ષકો સામે પગલાં ભરવા માગણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કાર્યકારી વાઇસ ચાન્સેલરે અગાઉ જણાવ્યું હતું કે જે શિક્ષકો હજી સુધી પેપર તપાસવાના કામમાં જોતરાયા નથી, તેઓ વિઝિટિંગ ફેકલ્ટીના અને નોકરી માટે એક કોલેજથી બીજી કોલેજમાં જોબ લેતા શિક્ષકો છે, તેમને શિક્ષા કરવાનું શક્ય નથી. ■

# જીયા ખાન કેસઃ કોર્ટમાં સુનાવણી શરૂ

મુંબઈઃ અભિનેત્રી જીયા ખાનને આત્મહત્યા કરવા પ્રેરવાના કેસના મુખ્ય આરોપી અને અભિનેતા આદિત્ય પંચોલી તથા અભિનેત્રી ઝરિના વહાબના પુત્ર સૂરજ પંચોલી સામેની સુનાવણી સેશન્સ કોર્ટમાં બુધવારથી શરૂ થઇ હતી. સૂરજ સામે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

સીબીઆઇની ચાર્જશીટમાં જણાવ્યાનુસાર 'નિઃશબ્દ' ફિલ્મમાં અભિનેતા અમિતાભ બચ્ચન સાથે મુખ્ય કલાકાર તરીકે ભૂમિકા ભજવનાર જીયા ખાનનો ગળેફાંસો ખાધેલો મૃતદેહ ત્રીજી જૂન, ૨૦૧૩ના તેના નિવાસસ્થાનેથી મળી આવ્યો હતો. (પીટીઆઈ) ■

# સંસ્થા સમાચાર

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા સંસ્કૃત ભારતીના સહયોગથી સંસ્કૃત સંભાષણના નિઃશુલ્ક વર્ગો તા. ૧૪-૨-૧૮ થી શરૂ થઈ ગયા છે અને ૨૪-૨-૧૮ સુધી રોજ સાંજના ૬ થી ૮ કલાકે સમાજ ભવનમાં ચાલશે. સંપર્કઃ શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ચોક, સમાજ ભવન, જોષી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ).

## મુંબઈ યુવા મોચી સમાજ

સર્વ પ્રથમવાર મોચી સમાજના યુવક - યુવતીઓનો પરિચય સંમેલન આયોજિત કરેલ છે. શનિવાર તા. ૨૪-૨-૧૮, સમય બપોરે ૨-૩૦ કલાકે. સ્થળઃ શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી, અશોક વન, હનુમાન ટેકડી, દહિસર (ઈસ્ટ), મુંબઈ-૬૮. (ખાસ આકર્ષણઃ ઓનસ્ક્રીન રેકોર્ડિંગ ઈન્ટ્રોડકશન) તેમ જ તા. ૨૮-૪-૧૮ શનિવારના રોજ આયોજિત સમૂહ લગ્નની નોંધણી ચાલુ છે. સંપર્કઃ ગાલા નં. ૨, કોંગ્રેસ કાર્યાલયની બાજુમાં, દેવીપાડા, બોરીવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૬.

## કચ્છી થિયેટરને વિસ્તૃત કરવા કચ્છ યુવક સંઘની પહેલ

કચ્છ યુવક સંઘે ગત ૨૫ વર્ષમાં કચ્છી નાટક દ્વારા સંઘે અઢળક કચ્છી કલાકારોને મંચ પૂરું પાડી તેમને અભિનયના ઓજસ પાથરતા કર્યા છે. રજત જયંતીની વિશેષ ઉજવણી કરતાં કચ્છ યુવક સંઘ દ્વારા 'શેમારૂ અભિવ્યક્તિ - એકાંકી નાટ્ય સ્પર્ધા'ના માધ્યમો કચ્છી થિયેટરને વિસ્તૃત કરવાની પહેલ તરીકે ગુરુવાર, તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના દામોદર હોલ, પરેલ ખાતે પાંચ સર્વોત્તમ કૃતિઓની દમદાર રજૂઆતે હાજર રહેલ તમામના મન જીતી લીધા. મૌલિક અને માતબર કક્ષાની પાંચ એકાંકીઓએ પ્રેક્ષકોને વિસ્મયનો અનુભવ કરાવ્યો. એકાંકી સ્પર્ધાની ફાઈનલમાં નિર્ણાયકો તરીકે દિગ્દર્શક લતેશ શાહ, અદાકાર ધર્મેન્દ્ર ગોહિલ અને દિગ્દર્શક ધીરજ પાલશેતકર પધાર્યા હતા. સ્પર્ધામાં આવેલી કુલ ૧૩ એકાંકીઓમાંથી ફાઈનલમાં પસંદગી પામેલ સર્વશ્રેષ્ઠ પાંચ એકાંકીઓની રજૂઆત ઈલેક્ટ્રિફાઇંગ રહી. પૂર્ણાહુતિ કાર્યક્રમની શરૂઆત સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ રાંભીયાના આવકાર પ્રવચનથી થઈ.

છેલ્લા પાનાનું ચાલુ

## સહકારી મંડળી

આ પ્રસ્તાવની તરફેણમાં છે અને તેમણે સહકારી વિભાગને આ મુદ્દે વિસ્તૃત અહેવાલ તૈયાર કરવા તથા રાજ્યની કેબિનેટ સમક્ષ મંજૂરી માટે મૂકવાનો નિર્દેશ કર્યો છે. રાજ્ય સરકાર ખાંડની કૉઓપરેટિવ્સ પાસેથી પ્રતિ ટને રૂ. ૩૨,૦૦૦માં ખાંડ ખરીદવાની ઇચ્છા ધરાવે છે. સરકારનું માનવું છે કે આમ કરવામાં આવતા ખાંડના ભાવ બજારમાં સ્થિર રહેશે. મહારાષ્ટ્રમાં રાજકીય દૃષ્ટિએ શેરડીએ બહુ સંવેદનશીલ પાક છે, કારણ કે રાજ્યના અંદાજે ૩૦ લાખ ખેડૂતો શેરડીની ખેતી કરે છે. ચાલુ વર્ષે સરકારે શેરડીના ટનદીઠ રૂ. ૨૫૫૦ સામાન્ય વળતરદાયી ભાવ (એફઆરપી) જાહેર કર્યા હતા. એવો અંદાજ રાખવામાં આવ્યો છે કે ખાંડના ભાવ ટનદીઠ રૂ. ૩૫૦૦૦ રહેશે. તેમ છતાં હાલમાં શેરડીના ભાવ પ્રતિ ટને રૂ. ૨૮,૦૦૦થી રૂ. ૨૯,૦૦૦ છે, જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડના ભાવ ગબડીને પ્રતિ ટને રૂ. ૨૧,૦૦૦ થયા છે. તેથી ખાંડની કૉઓપરેટિવ હાલમાં સરકારે જાહેર કરેલા ભાવ ચૂકવવાની સ્થિતિમાં નથી અને તેથી સરકાર પચીસ ટકા ખાંડ ખરીદે એવી ઇચ્છા તેઓ ધરાવે છે. ■

## કમિટી બેસાડાશે

અને નાનાં બાળકો માટે આ અનુચિત છે, તેમ પાટીલે જણાવ્યું હતું. આ સાથે આ પ્રકાશનગૃહોને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે સંબંધો છે અને સરકારે વધારે ભાવમાં તેમની પાસેથી પુસ્તકો ખરીદ્યાં હોવાનો આક્ષેપ પણ પાટીલે કર્યો હતો. મોદીના પુસ્તકો ખરીદવા અંગે સ્પષ્ટતા કરતા તાવડેએ જણાવ્યું હતું કે આ પુસ્તકોમાં સ્વતંત્રતાની ચળવળ અને ભારતના ઈતિહાસના અમુક એવા ચેપ્ટર છે, જે મહાત્મા ગાંધી અને પંડિત નહેરુનાં પુસ્તકોમાં નથી. ■

## સેના-કૉંગ્રેસ

બનાવવાને બદલે અહીં મેયર માટે બંગલો બાંધવો એવી માગણી ભાજપે કરી હતી. મેયર બંગલા માટે આ પ્લોટ યોગ્ય છે. અહીં મુંબઈના દરેક નાગરિક અને નગરસેવકોને પહોંચવું સરળ રહેશે એવો દાવો ભાજપના પાલિકાના ગ્રુપ લીડર મનોજ કોટકે કર્યો હતો. તો ભાજપના અન્ય નગરસેવકે આ પ્લોટ પર રહેલા રિઝર્વેશનને બદલવા સામે વાંધો ઉઠાવ્યો હતો. પ્લોટનું રિઝર્વેશન બદલવું હોય તો કોસ્ટલ રૅગ્યુલેશન ઝોન પાસેથી મંજૂરી લેવી પડશે તેથી આ પ્લોટનું રિઝર્વેશન બદલીને અહીં જિમખાનું બાંધવું નહીં એવી દલીલ ભાજપના નગરસેવકોએ કરી હતી. ભાજપના નગરસેવકોની દલીલ વચ્ચે આ પ્રસ્તાવ પર મતદાન દ્વારા શિવસેનાએ વિપક્ષ કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસની મદદથી આ પ્રસ્તાવને મંજૂર કરાવી લીધો હતો. તેને કારણે રોષે ભરાયેલા ભાજપના નગરસેવકોએ સભાત્યાગ કર્યો હતો. ■

## દરાડે દંપતી

ઉલ્લેખનીય છે કે દાદરના શિવાજી પાર્કમાં આવેલા મેયર બંગલામાં શિવસેના પ્રમુખ બાળ ઠાકરેનું સ્મારક બનવાનું હોઈ મેયર માટે પર્યાયી બંગલા તરીકે મલબાર હિલના બંગલાનો વિચાર ચાલી રહ્યો છે પણ દરાડે દંપતી બંગલો ખાલી નહીં કરતા હોવાને કારણે મેયર માટે હજી સુધી બંગલો મળી શકયો નથી. તેને કારણે બુધવારે સ્થાયી સમિતિમાં મહાલક્ષ્મીના પાલિકાના પ્લોટ પર અધિકારીઓ માટે જિમખાનું બનાવવાને બદલે મેયર બંગલો બનાવવાની માગણી ભાજપે કરી હતી. ભાજપની આ માગણી સામે શિવસેનાના નેતાએ કહ્યું હતું કે, મુખ્ય પ્રધાનના માનીતા દરાડે દંપતીને પાલિકાનો બંગલો ખાલી કરવો પડે નહીં તે માટે ભાજપ મહાલક્ષ્મીના પ્લોટ પર મેયર બંગલાની જીદ કરી રહ્યું છે અને તે માટે જ તેમણે સભાત્યાગ કર્યો હતો. ■

## હડતાળ હાલ પૂરતી ખેંચાઈ

૧૨૦૦ બસ ભાડા પર લેવામાં આવવાની છે. તેમાં પહેલા તબક્કામાં બેસ્ટે ૪૫૦ બસ ભાડા પર લેવાનો નિર્ણય લીધો હતો. આ બસમાં ડ્રાઈવર કૉન્ટ્રેક્ટરનો રહેશે. તેમ જ ગાડીઓમાં ઈંધણ સહિત તેની જાળવણીની જવાબદારી કૉન્ટ્રેક્ટરની રહેશે. ખાનગી બસ લેવાનો નિર્ણય લઈને બેસ્ટમાં ખાનગીકરણ કરવાની શરૂઆત થઈ છે. તેથી નોકરી જવાના ડરે બેસ્ટના કર્મચારીઓના યુનિયન અને સંઘટનના બેસ્ટ કર્મચારી કૃતિ સમિતિએ ૧૫ ફેબ્રુઆરીના હડતાળની ચીમકી આપી હતી. હડતાલ થાય નહીં તે માટે બેસ્ટ સમિતિના અધ્યક્ષ અનિલ કોકીળે તમામ યુનિયનની બેઠક લીધી હતી આ બેઠકમાં કોઈ ઉકેલ નહીં આવતા પાલિકા કમિશનરે આ બાબતે ચર્ચા કરવા માટે બોલાવ્યા હતા. પાલિકા કમિશનર સાથેની બેઠકમાં પણ કોઈ ઉકેલ નહીં આવતા હડતાલ પડવાનું નક્કી હતું પણ આ દરમિયાન બેસ્ટ કર્મચારી કૃતિ સમિતિમાં રહેલા ૧૨ સંઘટનમાં ફૂટ પડી હતી. ■

## મેટ્રો-ચાર

ટ્રાફિક ડાઇવર્ઝન પણ કરાશે. ઇસ્ટર્ન એકસ્પ્રેસ હાઇવે પર ચેમ્બુરમાં આવેલા સુમન નગર ફલાયઓવરથી લઇને ગોરડિયા નગરની નજીક ઘાટકોપર એક્ઝિટ સુધી અને આગળ એલબીએસ માર્ગ સુધી બેરિકેડ લગાવવામાં આવશે. તે મુલુંડ ચેકનાકા સુધી જશે અને ત્યારબાદ થાણે, માજીવાડા, કાપુરબાવડી, માનપાડા અને કસારવડવલી સુધી મૂકવામાં આવશે. ઇસ્ટર્ન એક્સ્પ્રેસ હાઇવે પર પહેલેથી જ અમર મહલ ફલાયઓવરના ચાલી રહેલા કામને પગલે વાહનચાલક ટ્રાફિકની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. મેટ્રો કોરિડોર-ચાર ૩૩.૩૨ કિ.મી લાંબો હશે અને તેમાં ૩૨ સ્ટેશનનો સમાવેશ થશે અને તેનો અંદાજિત ખર્ચ ૧૪,૫૪૯ કરોડ રૂપિયા આંકવામાં આવી રહ્યો છે. મેટ્રો-ચારને દક્ષિણ મુંબઇ સુધી લંબાવવાની યોજના એમએમઆરડીએ બનાવી રહી છે. (પીટીઆઈ) ■

## શિશુને જન્મ

ગર્ભવતી હતી. દાદર સ્ટેશન પર પહોંચતા જ જ્યોતિને લૅબરપેન શરૂ થયું હતું. સહપ્રવાસી અને રેલવે સ્ટેશન પર ફરજ બજાવી રહેલાં રેલવે પોલીસ જ્યોતિને સવારે ૧૦.૧૦ કલાકે ક્લિનિકમાં લઈ આવ્યા હતા અને સવારે ૧૦.૩૦ કલાકે જ્યોતિએ પુત્રને જન્મ આપ્યો હતો, એવી માહિતી વનરૂપી ક્લિનિકના ડૉ. રાહુલ ઘૂલેએ આપી હતી. ■

## ગુડ મોર્નિંગ

ભૂતકાળ માટે તમારામાં કોઈ ગિલ્ટ ઊભી કરાવે, કરાવતું જ રહે એવી વ્યક્તિના પ્રેમમાં તમે પડી શકો? પડ્યા તો ઝાઝું ટકી શકો એની સાથે? તો એવું જ સામેની વ્યક્તિ માટે હોવાનું એ પણ તમારે માની લેવું પડે, સ્વીકારી લેવું પડે.

પ્રેમ કરતાં પહેલાં સામેની વ્યક્તિ 'જેમ છે, જ્યાં છે, જેવી છે' તે પરિસ્થિતિમાં તેને સ્વીકારવાની તૈયારી રાખવી પડે. તું હવે આ રીતે તારામાં ફેરફારો કર, તું હવે આટલી બદલાઈ જા, ભૂતકાળમાં તેં જે કર્યું તે પણ હવે આવું કરવાનું અને આટલું નહીં કરવાનું એવું તમે એને કહેશો તો શરૂઆતમાં તો ઠીક છે એ તમને રિઝવવા તમારા કહ્યા પ્રમાણે કરશે, પણ વખત જતાં એને તમારા આવા આગ્રહો જોહુકમી લાગવા માંડશે. વિચાર કરો કે એ તમને બદલાવાનું કહે તો? તમે પોતે, તમારી ટેવો, તમારું જીવન-બધું જ તમારા ભૂતકાળના આધારે ઘડાયેલું છે. તમારામાં જ્યાં જ્યાં પરિવર્તન કરવાની, સુધરવાની જરૂર છે ત્યાં તમે એ મુજબના ફેરફારો કર્યા જ છે અને આમ છતાં બદલાવાના કેટલાક પ્રયત્નો સફળ નથી થયા. એના કહેવાથી, એના દબાણથી તમે ફરી પ્રયત્નો કરશો અને કદાચ સફળ જશો, કદાચ ફરી નાકામિયાબ જશો. નિષ્ફળ જશો અને એ તમને ટોક ટોક કર્યા કરે તો તમને કેવું લાગશે? એવું જ એને પણ લાગવાનું છે.

પ્રેમમાં પડતાં પહેલાં ચોથી વાત એ ધ્યાનમાં રાખવાની કે સામેની વ્યક્તિને એના સમગ્રતયા ભૂતકાળ સાથે સ્વીકારવાની તૈયારી હોય તો જ આગળ વધવાનું.

પ્રેમ કરતાં પહેલાંની પાંચમી વાત એ કે નિખાલસતા કે પછી ટ્રાન્સપરન્સિ-પારદર્શિતાના નામે તમારે સામેની વ્યક્તિ પર તમારા જીવનના તમામ પ્રસંગોનો બોજ ઠાલવી દેવાની કોઈ જરૂર નથી. સામેની વ્યક્તિ તમારા આ બોજને વેંઢારવા તમારા જીવનમાં પ્રવેશી રહી નથી. નિકટતા જતાવવા ઘણી વખત તમને તમારો આ સાઘળોય બોજ ઠાલવી દેવાનું મન થાય અને એવું કરી લીધા પછી એ પણ એવું કરે એવી અપેક્ષા તમારામાં જન્મે. પણ એ તમારા કરતાં વધારે સમજદાર હોય અને તમારા પર એવો વધારાનો ભાર લાદવા ન માગે ત્યારે તમને થાય કે મારી નિખાલસતાનો, મારી પારદર્શકતાનો પડઘો નથી પડી રહ્યો. કાકા, તમને કોણે કહેલું કે તમારે આ રીતના નિખાલસ થવાનું છે. નિખાલસતા અને પારદર્શકતા એટલે તમે કોઈને તમારી ટ્રુ સેલ્ફ વિશે અંધારામાં ન રાખો તેવી વર્તણૂક. ભૂતકાળના તમારા છબરડાઓને ખુલ્લા પાડવાની એમાં કોઈ શરત છે જ નહીં. નવ્વાણું ટકા આ છબરડાઓ સેક્સ અને પ્રેમસંબંધોને લગતા હોવાના, જે જાણીને સામેની વ્યક્તિ એમાં પોતાની કલ્પનાઓ ઉમેરીને વધુ શોષાવાની. તમારી સાથે એ એવું કરે તો તમારું પણ એ જ થવાનું. જેના ભૂતકાળમાં તમારું સ્થાન હતું જ નહીં અને તમારા ભૂતકાળમાં એવું સ્થાન નહોતું તો પછી એ બધી વાતોનો આજની તારીખે મતલબ શું છે, શા માટે એવા બોજની એકપક્ષીય કે દ્વિપક્ષી આપલે હોવી જોઈએ?

છઠ્ઠી વાત એ કે તમારે તૈયારી રાખવાની કે આજે, આ ઘડીએ તમને એના માટે જે લાગણીઓ છે અને એને તમારા માટે જે લાગણીઓ છે એમાં વધઘટ થવાની, ફેરફારો થવાના. સૂરજ રોજ નિશ્ચિત ગણતરી મુજબ આગલા દિવસ કરતાં થોડોક વહેલો કે મોડો ઊગે છે અને એ પણ એના નિયમ મુજબ થોડોક દક્ષિણ તરફ કે થોડોક ઉત્તર તરફ ખસે છે. ઋતુચક્ર એને કારણે સર્જાય છે. વસંતો પછી પાનખરો અને પાનખરો પછી ફરી વસંતો આવતી રહે છે. લાગણીઓમાં પણ એવું થવાનું. પાનખરને પણ એવું સૌંદર્ય હોવાનું. એવા સમયે થતી ગેરસમજોને કે મતભેદોને મોટું સ્વરૂપ આપ્યા વિના, જિંદગીમાં આવા પણ તબક્કા હોવાના એવું માનીને સ્વીકારી લઈએ અને વસંતના પ્રથમ ઈશારાની રાહ જોઈએ. નવું પાંદડું ફૂટવાનું જ છે, નવી કુંપળ આવવાની જ છે. પાનખર આવે ત્યારે એક સમયના તમારા હર્યાભર્યા ઉપવનને ખેદાનમેદાન કરી નાખવાની ચળ ઊપડે તે રોકી લેવાની.

પ્રેમ કરતાં પહેલાં ધ્યાનમાં રાખવાની સાતમી અને હાલ પૂરતી છેલ્લી નાનકડી વાત એ કે અહીં પણ કર્મનો સિદ્ધાંત લાગુ પડે છે. જેવું કરો છો તેવું પામો છો. જે વાવશો તે જ તમે લણવાના છો એટલું યાદ રાખજો. પ્રેમ કર્યા પછી ધ્યાનમાં રાખવા જેવી વાતો કાલે.

### આજનો વિચાર

માનસિક રોગ વિભાગમાં રાઉન્ડ વખતે ડૉક્ટરે દર્દીને પૂછ્યુંઃ 'કોણ છે તમારી સાથે?' ઊંચું પણ જોયા વગર પરાણે સ્મિત કરીને દર્દીએ કહ્યુંઃ 'કોઈ સાથે નથી એટલે તો અહીં છું.' - વૉટ્સઍપ પર વાંચેલું

### એક મિનિટ!

મિત્રઃ આ વાંચ્યું, ૨૦૪૦ની સાલમાં લોકો પાસે પીવા માટે પાણીનું ટીપુંય નહીં હોય.

બકોઃ જતી ઉંમરે બિયર પીને દિવસો કાઢવા પડશે...


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ભારતના/ ફોરેનના કુંવારા/ ડિવોર્સી બાયોડેટાઓ માટે રાજકોટના રાજેશ ઠક્કર ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૭૩૮૫)

**કાવેરી**
અલ્ટા માઉન્ટ રોડ રહેતા લોહાણા ગર્ભશ્રીમંત નામાંકિત બિઝનેશવાળા પરિવારની અતિ દેખાવડી સ્લીમ નાજુક નમણી કુંવારી કન્યા ૨૫/ એમએસસી જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૯૩૦૬૭૩૭૭૨ (ક્લાસિક) (દહેજ નહીં). (૨૩૩૧-એફ)

**કાવેરી**
અમેરિકાથી લગ્નાર્થે આવેલ પરજીયા સોની સુખી બિઝનેશવાળા ખાનદાની પરિવારના કુંવારા દેખાવડા યુવક ૩૬/બીઈ/એમએસ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૯૩૦૬૭૩૭૭૨ (દહેજ નહીં). (૨૩૩૧-જી)

**કાવેરી**
વાલકેશ્વર રહેતા જૈન ગર્ભશ્રીમંત બિઝનેશવાળા ખાનદાની કુટુંબની અતિ દેખાવડા નિર્દોષ છુટાછેડા કન્યા ૨૬/ એમબીએ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૬૧૯૮૭૮૧૭૨ (ક્લાસિક) (દહેજ નહીં). (૨૩૩૧-જી)

**કાવેરી**
વિધવા વૈષ્ણવ વણીક સુખી ખાનદાની પરિવારની દેખાવડી યુવતી ૫૪/ બીએ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૯૩૦૬૭૩૭૭૨ (ગોલ્ડન) (દહેજ નહીં). (૨૩૩૧-એચ)

**કાવેરી**
પટેલ કડવા વેલસેટ બિઝનેશવાળા પરિવારના દેખાવડા કુંવારા યુવક ૨૯/ બીકોમ પટેલોએ મળવું ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૬૧૯૮૭૮૧૭૨ (ખાનગી) (દહેજ નહીં). (૨૩૩૧-એચ)

**કાવેરી**
કચ્છી વિશા જૈન ગર્ભશ્રીમંત નામાંકિત બિઝનેશવાળા પરિવારના દેખાવડા નિર્દોષ છુટાછેડા લક્ઝરી રહેઠાણવાળા યુવક ૩૯/ બીકોમ/સીએ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/૯૬૧૯૮૭૮૧૭૨ (ડાયમંડ) (દહેજ નહીં). (૨૩૩૧-ઈ)

**કાવેરી**
લોખંડવાળામાં રહેતા બ્રાહ્મણ સુખી એજ્યુકેટેડ પરિવારના દેખાવડા મલ્ટીનેશનલ કંપનીમાં સર્વીસવાળા કુંવારા યુવક ૩૦/બીઈ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૬૧૯૮૭૮૧૭૨ (ડાયમંડ) (દહેજ નહીં). (૨૩૩૧-ડી)

**કાવેરી**
મારવાડી જૈન ગર્ભશ્રીમંત બિઝનેશવાળા નામાંકિત પરિવારના છુટાછેડા લક્ઝરી રહેઠાણવાળા યુવક ૩૫/બીકોમ મારવાડી જૈનોએ મળવું ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૬૧૯૮૭૮૧૭૨ (ગોલ્ડન) (દહેજ નહીં). (૨૩૩૧-સી)

**કાવેરી**
કંસારા ડોક્ટર ગર્ભશ્રીમંત લક્ઝરી રહેઠાણવાળા વિધુર એક્ટીવ યુવક ૬૩/એમબીબીએસ/ એમએસ માટે જ્ઞાતિબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/૯૬૧૯૮૭૮૧૭૨ (ક્લાસીક) (દહેજ નહીં). (૨૩૩૧-બી)

**કાવેરી**
ડોક્ટર ભાનુશાલી સુખી પરિવારની દેખાવડી કુંવારી કન્યા ૩૦/એમડી જ્ઞાતિબાધ નથી ૯૯૩૦૬૭૩૭૭૨/ ૯૯૨૦૭૯૦૭૭૨ (ગોલ્ડન) (દહેજ નહીં). (૨૩૩૧-એ)

### ૧૦. મહિલાઓ માટે

**ચર્નીરોડમાં નટરાજ**
પ્રખ્યાત ઘરઘંટીનો શોરૂમ, યાશી માર્કેટિંગ ૨૫૧ - ઠાકુરદ્વાર - ૨૨૦૫૬૯૪૮/ ૯૯૬૭૫૦૨૭૮૮. (બી-૭૩૫૦)

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી ''નિલકંઠ વેલી'' ૧ બેડરૂમ, હોલ, કિચન. ''કેસરી શાહ'' ૯૩૨૪૬૩૬૧૬૬. (૨૩૨૭-બી)

**જુહુ - ૪ બેડ**
૨૨૪૦', ફુલ ફર્નીશ્ડ, હાયર ફલોર, ૨ પાર્કિંગ, સર્વન્ટ રૂમ, ઓસી સાથે ઉપલબ્ધ. અનીલભાઈ-૯૦૦૪૯૦૦૨૯૦. (૨૦૮૨-એફ)

**નવા બિલ્ડીંગમાં**
કોલાબાથી લોઅર પરેલ, ફોર્ટથી વડાલા, બંધાતા/ બંધાયેલા બિલ્ડીંગોમાં વેચાણથી/ લીવલાયસન્સથી, ગ્રુપ બુકીંગમાં ફાયદાકારક ડીલ. નટુભાઈ દવે ૯૦૨૯૪૫૦૪૬૦/ ૯૮૯૨૯૭૧૩૩૧. (૨૧૫૧-એ)

**મલાબાર હીલ**
**'માનસરોવર' - ૨ બેડરૂમ હોલ કિચન ૮૧૬' ૧ પાર્કીંગ (૬,૧૧,૦૦,૦૦૦/-). ૧લે માળે - 'મહેશ' - ૯૮૨૦૦૬૮૪૦૧/ અવનીશ ૮૬૫૫૨૫૩૯૦૨ (એજન્ટ). (૨૨૬૮-એ)**

**વસઈ/નાલાસોપારા**
અફોર્ડેબલ/લકઝરીયસ ફલેટ લેવા, વેચવા, ભાડેથી. રાહુલ રાંદેરી ૯૨૨૩૩૮૭૩૧૧/ ૭૨૭૬૦૫૨૨૭૩. (૧૭૨૫-એચ)

### ૧૯. ફેકટરી વર્કશોપ

**વસઈ (ઈસ્ટ)**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા વેચાણ ભાડેથી જોઈએ છે. સારા ભાવની ખાત્રી વિશ્વાસનીય નામ રાજેશ દડીયા : ૯૩૨૬૪૯૫૦૦૩. (૨૦૯૪-એ)

**વસઈ**
વાલીવ - સાતીવલી - હાઈવે ઈન્ડસ્ટ્રીયલ ગાળા / ફલેટ લેવા - વેચવા - ભાડેથી. રાજેશ દડિયા ૯૩૨૬૪૯૫૦૦૩ / ૭૬૬૬૪૯૫૦૦૩. (૩૨૨૯-એ)

**વસઈ-વિરાર**
**સાતીવલી, વાલીવ, હાઈવે, કામણ, બાપાને, માલજીપાડા, ચંદનસાર, ઈન્ડસ્ટ્રીયલ ગાળા, શેડ, યુનીટ, પ્લોટ, લેવા, વેચવા, ભાડેથી, ગોપીભાઈ-૯૯૭૦૫૬૧૩૬૩, જીતેન્દ્રભાઈ-૯૩૭૨૦૯૮૪૬૫. (૩૭૦૩-આઈ)**

REQUIRED GODOWN IN Navi Mumbai on area 2000 sq.mtr. Outright Purchase. "Ajay Desai" 9821084953. (2062-A)

### ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી (ઈસ્ટ)**
એમઆઈડીસી પાસે, ગ્રાઉન્ડ ફ્લોર ૧૩૦૦ ફુટ, ૧૨ ફુટ હાઈટ લોરીટચ ગાળો વેચાણથી મળશે ''ચિમનભાઈ'' ૯૮૨૦૧૧૭૭૬૬. (૨૧૬૬-એ)

**KANDIVALI WEST**
**Shop for Sale 220 carpet - 75 Lakhs. Dahanukar Wadi 9833094603. (2306-A)**

### ૨૩. મનોરંજન

**નાટક ૭૫૦/-**
મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાંઃ રવિવારે- ૨૦૦% ગીફટ. ૭૦૨૧૨૭૬૬૨૨. (૧૯૪૦-સી)

### ૩૧. નાણાંકીય

■ બજારમાં ખપતા, ન ખપતા કોઈપણ કંપનીના ફિજીકલ ડિમેટ શેરો ખરીદશું. મનિષ ઈન્વેસ્ટમેન્ટ હાઉસ. ૨૮૦૫૫૭૧૯, ૨૮૦૫૪૭૩૦, ૯૬૧૯૩૧૫૩૬૨. (૨૦૨૬-એ)

**મેટ્રોપોલીટન**
**સ્ટોક એક્સચેન્જના શેર્સ મળશે. ૩એ ફાઈનાન્શિયલ - ૮૮૭૯૮૫૦૨૪૩/ ૦૨૨-૬૭૮૦૯૯૯૦. www.3Adeal.com (૧૧૪૫-એ)**

LEARN TO DOUBLE YOUR Money Monthly in Derivative Options. No loss as we trade only on confirm signals. Do Trial Course. If you like it then pay fee. Free Demo. 9619205361, 9819878079. (2272-K)

### ૩૨. જમીન-મિલકત

■ કાયદેસર ખેડુત બનો. ફાર્મ જમીન માત્ર ૪૫૦૦૦/-. બિલ્ડરો, વિકાસકર્તાઓ, એજન્ટો અને બ્રોકરોને ખાસ ડિસ્કાઉન્ટ. ઘરપોચ સેવા, અન્ય ખર્ચ નહીં અને મહાડ, માણગાવમાં ૨૦ ગુંઠે ૧ એકરની જેમ જગ્યા ૨.૫ લાખ-૧૧ લાખ એકર મળશે. ૮૦૮૭૦૫૩૦૫૩/ ૮૦૮૭૦૫૮૦૫૮. (૨૨૩૧-આઈ)

### ૩૩. ધંધાદારી

■ બિઝનેસ કરવાનો મોકો. પોતાની કાર ખરીદીને ટુરિસ્ટ બિઝનેસ કરીને મહિના ૪૦,૦૦૦ થી ૭૦,૦૦૦/- કમાવો - ૯૬૫૩૩૯૧૬૩૦. (૨૨૭૫-એ)

**IEC, MEIS LICENCE, DRAW-back - 9820936980. (4107/B)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**નવગ્રહના નંગો**
રીયલ પોખરાજ, નિલમ, માણેક, રૂદ્રાક્ષ વિગેરે ગ્રહના રત્નો વ્યાજબી ભાવે મળશે. જૂના ને જાણીતા જયપ્રભુ છોટાલાલ સન્સ ૬૦ ધનજી સ્ટ્રીટ, ઝવેરી બજાર. ૯૮૨૦૬૫૫૦૫૦. (૨૨૪૪-ઈ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**''શ્રીનાથજી જ્યોતિષ'' - (હવેલીવાળા)**
**લેડીસ અને જેન્ટસ્ કોઈપણ પ્રોબ્લમ માટે મળો ફિસ ૨૦૧/- મલાડ વેસ્ટ ૯૮૩૩૩૯૦૮૯૮. (૧૯૪૦-એ)**

**પાશાજી**
મફત સલાહ ૨૪ કલાકમાં સમાધાન. કારોબાર, પ્રેમ-વિવાહ, ગૃહકલેશ, સૌતન/ દુશ્મન છૂટકારો, લક્ષ્મીબંધન ૯૮૧૯૩૨૬૮૯૬ (બાંદ્રા). (૧૬૮૪/એ)

**વીરભદ્ર જ્યોતિષ**
**લવ -બિઝનેસ - શત્રુ - સૌતન - ગૃહકલેશ - કોઈપણ કામ ૩ દિવસમાં સમાધાન - (ચેલેન્જથી) - કામોઠે - ૯૮૩૩૪૪૦૨૪૨. (બી-૭૩૭૩)**

**શ્રીજી જ્યોતિષ**
પંડિતજી દરેક સમસ્યાનું ઘેર બેઠે સમાધાન જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલીસ્ટ) ૯૯૨૦૫૭૩૮૫૬ (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળે). (૧૬૮૪/ઈ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. ૯૮૨૧૧૯૫૭૨૦ / ૯૭૭૩૨૨૬૬૭૫ / ૨૮૬૫૭૭૬૮ (કાંદિવલી). (૨૦૬૬-એ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ?**
**ટેરેસ, છજ્જા, વોટરપ્રુફીંગ, પેન્ટીંગ, પ્લાસ્ટરીંગ ૫-૧૦ વર્ષની ગેરેન્ટી. (સિવિલ કોન્ટ્રાક્ટર): ૯૩૨૩૨૭૬૬૬૪. (૨૨૨૭-એ)**

### ૫૧. ખરીદવું છે

**WE BUY ROLEX**
Omega, AP, Breguet, Tudor, Patek Philippe, Cartier, Chopard. Atul: 9820147144. (1936-A)

### ૫૨. કુરીઅર્સ

■ પરદેશ પાર્સલ સર્વિસ - ચીપ્સ એક્સપ્રેસ પ્રા. લિ., ઓમ નગર, અંધેરી (ઈસ્ટ) મોબાઈલઃ ૦૯૮૯૮૦૩૬૨૫૭, ૦૯૩૨૦૦૯૫૬૩૨. (બી-૭૧૪૨)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com